
# ૧૦. ઊંટ કહે

ઊંટ કહે : આ સભામાં વાંકાં અંગવાળાં ભૂંડાં,
ભૂતળમાં પશુઓ ને પક્ષીઓ અપાર છે :
બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી,
કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે.
વારણની સૂંઢ વાંકી, વાઘના છે નખ વાંકા,
ભેંસને તો શિર વાંકાં શિંગડાંનો ભાર છે.
સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ ;
અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે !









## શબ્દાર્થ

સભા – બેઠક ; અંગ – અવયવ, શરીરનો ભાગ ; ભૂતળ – પૃથ્વી ; વારણ – હાથી ; શિર – માથું ; અન્ય – બીજા ; અપાર – પુષ્કળ

## શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- જોયેલા પ્રાણીઓના નામની યાદી.
- તે યાદીના દરેક પ્રાણીઓની વિશેષતા.
- પ્રાણીઓના શરીરના વિવિધ અંગોની ઉપયોગિતા.
- પ્રસ્તુત કાવ્યને લગતા પ્રશ્નોત્તર.




## સ્વાધ્યાય

સ. ૧ નીચેનાં પ્રાણીઓના કયા અવયવ વાંકા છે ?

| | |
|---|---|
| ૧) બગલાની – ..................... | ૨) કૂતરાની – ..................... |
| ૩) હાથીની – ..................... | ૪) પોપટની – ..................... |
| ૫) વાઘના – ..................... | ૬) ભેંસનાં – ..................... |

સ. ૨ પૂરા વાક્યમાં જવાબ લખો.

૧) ઊંટે બધાં પ્રાણીઓને કેવાં કહ્યાં છે ?

જવાબ : ..............................................................................

૨) શિયાળે ઊંટને શો જવાબ આપ્યો ?

જવાબ : ..............................................................................

સ. ૩ નીચેનાની જાતિ બદલો. જવાબ માટે કૌંસમાંના શબ્દો પસંદ કરો.

(સાંઢણી, મેના, કૂતરી, વાઘણ, શિયાળવી, હાથણી)

| | |
|---|---|
| ૧) વાઘ – ..................... | ૨) પોપટ – ..................... |
| ૩) શિયાળ – ..................... | ૪) હાથી – ..................... |
| ૫) કૂતરો – ..................... | ૬) ઊંટ – ..................... |

સ. ૪ તમે જાણો છો તે પ્રાણીઓનાં નામ લખી તેમના રંગ લખો.

## વિશેષ

નીચેના શબ્દો જોઈજોઈને ફરીથી લખો.

| | |
|---|---|
| ૧) ઊંટ – ..................... | ૨) પક્ષીઓ – ..................... |
| ૩) પૂંછડી – ..................... | ૪) વિસ્તાર – ..................... |
| ૫) શિંગડાં – ..................... | ૬) બોલ્યું – ..................... |


ઉપક્રમ

પ્રસ્તુત કાવ્યમાં શિયાળના જવાબ ઉપરથી તમને શો બોધ મળે છે તે કહો. વર્ગના અન્ય વિદ્યાર્થીઓ શો બોધ મેળવે છે તેની આપસમાં ચર્ચા કરો. ચર્ચા અંતે એક સામાન્ય બોધ એક વાક્યમાં લખો.



હું વાંચું ... તમે પણ વાંચો

## હાથીભાઈને મોજ ...



આ હાથીભાઈને મોજ ...
ના સ્કૂલ જવાની ચિંતા,
ના હોમવર્કનો બોજ !
જંગલ જંગલ ફરવાનું ને
ઘાસ લીલુછમ ચરવાનું,
ના મમ્મીની રોક–ટોક કે
ના પપ્પાથી ડરવાનું,
ના સ્પેલિંગ પાઠ કરવાના,
નહિ લખવાની નોટ,
તો ય કદી ક્યાં કોઈ કહે છે
હાથીભાઈને ઠોઠ ?
ને હું મસ્તી સહેજ કરું ત્યાં સૌ ખીજે રોજ !
આ હાથીભાઈને મોજ ...
હાથીભાઈને સૂંઢ ફુવારો,
મને બાલદી કાં નાની ?
તળાવ આખું ડહોળે તોયે કોઈ કહે ના તોફાની!
ફાવે ત્યારે રમી શકે એ ફાવે તેવી ગેમ,
મને ય થોડું જીવવા દો ને હાથીભાઈની જેમ!
પીછો કાં ના છોડે,
દફ્તર ને નોટોની ફોજ ?
આ હાથીભાઈને મોજ ...

– કિરીટ ગોસ્વામી

**પોતાના અવગુણ જાણી – વિચારીને ત્યાગ કરે તે વિવેકી**